ફોજદારી કેસ નં. ૬૯૨/૨૦૨૩
આંક :- ૮૩

## -: નમુનો-અ :-

| નામદાર જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફ. ક. (શ્રી બી.વી.ગોહિલ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.-તા. માળીયા હાટીના, જિ. જૂનાગઢ. ચુકાદાની તા. ૩૦/૦૭/૨૦૨૬ ફોજદારી કેસ નં. ૬૯૨/૨૦૨૩ | |
|---|---|
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા મો. વ્હી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ. |
| પ્રથમ માહિતિ અહેવાલ નંબર | ગુ.ર.નં.૧૧૨૦૩૦૧૨૨૨૦૦૫૩/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | ચોરવાડ પોલીસ સ્ટેશન |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે વિદ્વાન વકીલ શ્રી | એ.પી.પી. શ્રી એમ.એચ. સીંધી |
| આરોપી પક્ષ | કાનાભાઈ રામભાઈ કામળીયા,<br>ઉ.વ.-૪૬, ધંધો-ડ્રાઈવીંગ,<br>**રહે.**-વચલાપાડા લિમડા ચોકની બાજુમાં, મુ. સુત્રાપાડા, તા. સુત્રાપાડા. જિ. ગીર સોમનાથ. |
| આરોપીપક્ષે વિદ્વાન વકીલ શ્રી | એ. એન. ચાંડપા |

## -: નમુનો-બ :-

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૭/૦૨/૨૦૨૨ |
| પ્રથમ માહિતિ અહેવાલની તારીખ | ૧૭/૦૨/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૨૧/૦૨/૨૦૨૩ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૫/૦૪/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૧/૧૧/૨૦૨૪ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ---- |

## -: આરોપીની વિગત :-

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીન મુકત તારીખ** | **તહોમત** | **નિર્દોષ / દોષિત** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| **(૧)** | કાનાભાઈ રામભાઈ કામળીયા | **૨૪/ ૦૩/ ૨૦૨૨** | **૨૫/ ૦૩/ ૨૦૨૨** | ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ- ૧૭૭, ૧૮૪ | **નિર્દોષ** | -- | -- |

## -: નમુનો-ક :-

## -:: ફરીયાદીપક્ષ/બચાવપક્ષ/ન્યાયાલયનાં સાક્ષીની યાદી ::-

## (અ) ફરીયાદ પક્ષનાં સાક્ષીઓ

| **ક્રમ** | **આંક** | **નામ** | **પ્રકાર** |
|---|---|---|---|
| પી.૦૧ | ૧૯ | દિનેશભાઈ મેણસીભાઈ રાઠોડ | ફરીયાદી |
| પી.૦૨ | ૨૩ | રમેશભાઈ રામભાઈ વાજા | સાહેદ |
| પી.૦૩ | ૨૪ | રામભાઈ વિરમભાઈ બળેજા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| પી.૦૪ | ૨૫ | કચરાભાઈ કાનાભાઈ બળેજા | સાહેદ |
| પી.૦૫ | ૨૬ | જયાબેન હિરાભાઈ બળેજા | સાહેદ |
| પી.૦૬ | ૨૭ | ભાવનાબેન રમેશભાઈ બળેજા | સાહેદ |
| પી.૦૭ | ૨૮ | લક્ષ્મીબેન દિનેશભાઈ બળેજા | સાહેદ |
| પી.૦૮ | ૩૨ | મંજુબેન કારાભાઈ બળેજા | સાહેદ |
| પી.૦૯ | ૩૩ | હંસાબેન બચુભાઈ બળેજા | સાહેદ |
| પી.૧૦ | ૩૫ | નાજાભાઈ હમીરભાઈ બળેજા | સાહેદ |
| પી.૧૧ | ૩૬ | પરમીબેન લખમણભાઈ બળેજા | સાહેદ |
| પી.૧૨ | ૩૭ | દિવ્યાબેન દિનેશભાઈ ચુડાસમા | સાહેદ |
| પી.૧૩ | ૩૮ | ઉષાબેન સંજયભાઈ વડાલીયા | સાહેદ |
| પી.૧૪ | ૩૯ | લક્ષ્મીબેન બુધાભાઈ વાજા | સાહેદ |
| પી.૧૫ | ૪૦ | કડવીબેન ભીખાભાઈ વાજા | સાહેદ |
| પી.૧૬ | ૪૧ | હંસાબેન નાજાભાઈ બળેજા | સાહેદ |
| પી.૧૭ | ૪૨ | જોધાભાઈ જેઠાભાઈ ગાવળીયા | સાહેદ |
| પી.૧૮ | ૪૩ | અશોકભાઈ માલાભાઈ જેઠવા | સાહેદ |

## –:: સરકારપક્ષ/બચાવપક્ષ/કોર્ટ દ્વારા આપેલ આંકની યાદી ::–

## (અ) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો

| **ક્રમ** | **આંક** | **નામ** |
|---|---|---|
| ડી.૦૧ | ૨૦ | અસલ ફરીયાદ/એફ.આઈ.આર. |
| ડી.૦૨ | ૪૪ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ડી.૦૩ | ૪૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૦૪ | ૪૬ | મરણ જનાર નો પી. એમ. રિપોર્ટ |
| ડી.૦૫ | ૪૭ | એફ.એસ.એલ. રિપોર્ટ |

| | | |
|---|---|---|
| ડી.૦૬ | ૪૮ | વાહન નં.જીજે–૩૨–બી–૦૪૯૮ નો એકસીડન્ટ રિપોર્ટ |
| ડી.૦૭ | ૪૯ | વાહન નં.જીજે–૧૧–ઝેડ–૮૯૩૩ નો એકસીડન્ટ રિપોર્ટ |
| ડી.૦૮ | ૫૦ | એફ.એસ.એલ. વિભાગની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| ડી.૦૯ | ૫૧ | લક્ષ્મીબેન દિનેશભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૦ | ૫૨ | હંસાબેન બચુભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૧ | ૫૩ | હંસાબેન નાજાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૨ | ૫૪ | લક્ષ્મીબેન બુધાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૩ | ૫૫ | ભાવનાબેન રમેશભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૪ | ૫૬ | ઉષાબેન સંજયભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૫ | ૫૭ | જયાબેન હિરાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૬ | ૫૮ | દિવ્યાબેન દિનેશભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૭ | ૫૯ | દિનેશભાઈ મેણસીભાઈનું સી.એચ.સી.ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૮ | ૬૦ | રામભાઈ વિરમભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૧૯ | ૬૧ | મંજુબેન કારાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૨૦ | ૬૨ | જોધાભાઈ જેઠાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૨૧ | ૬૩ | અશોકભાઈ માલાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૨૨ | ૬૪ | કચરાભાઈ કાનાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૨૩ | ૬૫ | નાજાભાઈ હમીરભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૨૪ | ૬૬ | પરમીબેન લખમણભાઈનું સી.એચ.સી.ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |
| ડી.૨૫ | ૬૭ | કડવીબેન ભીખાભાઈ નું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ |

## –: ચુ કા દો :–

## (૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત :–

આ કામનાં આરોપીએ ગઈ તા.૧૭/૦૨/૨૦૨૨ નાં કલાક ૧૧–૧૫ વાગ્યાનાં અરસામાં ચોરવાડ થી ગડુ ગામ તરફ જતાં નેશનલ હાઈવે રોડ ઉપર વિસણવેલ ગામનાં

પાટીયા ની નજીક આ કામનાં ફરિયાદી પોતાની છકડો રીક્ષા નં. જીજે–૧૧–ઝેડ–૮૯૩૩ વાળું ટ્રેકટરની સાઈડ કાપવા જતાં આરોપીનાં હવાલાનું ટ્રેકટર રજી. નં.જીજે–૩૨–બી–૦૪૯૮ તથા ટ્રોલી રજી.નં.જીજે–૩૨–ટી–૦૭૦૪ વાળું પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કાવો મારતાં ટ્રેકટરનું મોટું વ્હીલ નીકળી જઈ ફરિયાદીની છકડો રીક્ષાને ઠોકર મારતાં રીક્ષાને પછાડી દેતાં રીક્ષામાં બેઠેલ ફરિયાદી સહિત સાહેદો કુલ–૧૫ માણસોને શરીરે નાની મોટી ઈજાઓ કરી તથા રીક્ષામાં બેઠેલ સાહેદ જીજ્ઞાબેન રમેશભાઈ વાજા, ઉ.વ.૩૫, રહે. માળીયા હાટીના વાળાને ગંભીર ઈજાઓ થતાં તેણીનું મોત નિપજાવી તેમજ આરોપીનાં ટ્રેકટરમાં બેઠેલ સાહેદ નં–૨૧ તથા સાહેદ નં–૨૨ નાંઓને નાની મોટી ઈજાઓ કરી ગુનો કરેલ, જે બનાવની ફરિયાદીએ પોલિસ ફરિયાદ કરેલી.

## (૨) ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–

હાલનાં કામનાં ફરીયાદીની ફરીયાદનાં અનુસંધાને આરોપી વિરૂધ્ધ ચોરવાડ પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર–૧૧૨૦૩૦૧૨૨૨૦૦૫૩/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. જે પોતાનાં અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધિકારીશ્રી દ્વારા સાહેદોનાં નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપી વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતાં, આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલું.

## (૩) ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–

આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ તપાસનાં અંતે ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ થયા બાદ આરોપી સામેનાં ગુનાનું સંજ્ઞાન ક્રિ. પ્રો. કોડ, ૧૯૭૩ ની કલમ–૧૯૦ મુજબ લઈ આરોપીને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ. પ્રો. કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળો વિના મૂલ્યે આપવામાં

આવેલ. ત્યારબાદ આરોપીને પુરતો સમય આપ્યા બાદ તેઓને ગુનો કબુલ છે કે, કેસ આગળ ચલાવવા માંગે છે તેમ પુછતાં આરોપીએ ગુનો કબુલ ન હોય અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ. જેથી આરોપીની હાલનાં કામે આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

## (૪) મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–

પ્રોસીકયુશન પક્ષે પોતાનાં કેસનાં સમર્થનમાં નમુના ‘ક‘ મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## (૫) આરોપીનું વિશેષ નિવેદન :–

ફરિયાદ પક્ષનો આંક–૬૮ થી રજુ થયેલ કલોઝીંગ પુરશીશ મુજબ પુરાવો પુરો થતાં, રેકર્ડ આધારિત હકિકતો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ આક્ષેપ મુજબનાં પુરાવા ન હોવાથી આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

## (૬) દલીલો :–

ઉપરોકત પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી. શ્રી તથા બચાવ પક્ષે વિદ્વાન વકીલશ્રીની વિસ્તૃતમાં દલીલો સાંભળવામાં આવેલ છે. જે ધ્યાને લેવામાં આવેલ છે.

## (૭) મુદ્દાઓ :–

ત્યાર બાદ ફરીયાદ પક્ષનો કોર્ટ સમક્ષનો હાલનો કેસ વંચાણે લેવામાં આવે તો, નીચે મુજબનાં મુદ્દાઓ ન્યાયિક નિર્ણય માટે ઉપસ્થીત થયેલા છે.

## –: મુદ્દાઓ :–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઈ

તા.૧૭/૦૨/૨૦૨૨ નાં કલાક ૧૧–૧૫ વાગ્યા નાં અરસામાં ચોરવાડ થી ગડુ ગામ તરફ જતાં નેશનલ હાઈવે રોડ ઉપર વિસણવેલ ગામનાં પાટીયાની નજીક આ કામનાં ફરિયાદી પોતાની છકડો રીક્ષા નં. જીજે–૧૧–ઝેડ–૮૯૩૩ વાળું ટ્રેકટરની સાઈડ કાપવા જતાં આરોપીનાં હવાલાનું ટ્રેકટર રજીસ્ટર્ડ નં. જીજે–૩૨–બી–૦૪૯૮ તથા ટ્રોલી રજીસ્ટર્ડ નં.જીજે–૩૨–ટી–૦૭૦૪ વાળું પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કાવો મારતાં ટ્રેકટરનું મોટું વ્હીલ નીકળી જઈ ફરિયાદીની છકડો રીક્ષાને ઠોકર મારતાં રીક્ષાને પછાડી દેતાં રીક્ષામાં બેઠેલ ફરિયાદી સહિત સાહેદો કુલ–૧૫ માણસોને શરીરે નાની મોટી ઈજાઓ કરી તથા રીક્ષામાં બેઠેલ સાહેદ જીજ્ઞાબેન રમેશભાઈ વાજા, ઉ.વ.૩૫, રહે. માળીયા હાટીના વાળાને ગંભીર ઈજાઓ થતાં તેણીનું મોત નિપજાવી તેમજ આરોપીનાં ટ્રેકટરમાં બેઠેલ સાહેદ નં–૨૧ તથા સાહેદ નં–૨૨ નાંઓને નાની મોટી ઈજાઓ કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

## (૮) નિર્ણય :–

ઉપરોકત મુદ્દાઓનાં અત્રેની કોર્ટનાં નિર્ણય નીચે મુજબનાં છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

## નિર્ણય માટેનાં કારણો (પુરાવાનું મુલ્યાંકન)

## (૯) મુદ્દા નંબર–૧ :–

**(૯.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે.

હાલનાં ગુનામાં આરોપી વિરૂધ્ધનો આક્ષેપાયેલ ગુનો નિ:શંકપણે સાબિત કરવા અંગેનાં પુરાવાનો બોજ ફરિયાદપક્ષ પર રહેલ છે.

(૯.૨) આ કામે ફરિયાદપક્ષે આંક–૧૯ થી ફરિયાદી દિનેશભાઈ મેણસીભાઈ રાઠોડ નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, તા.૧૭/૦૨/૨૦૨૨ નાં રોજ તેઓ તેમની છકડો રીક્ષા લઈને માળીયા થી ચોરવાડ ખરખરાનાં કામે સ્ત્રી અને પુરૂષોને લઈને જતાં હતાં ત્યારે ચોરવાડ અને ગડુ વચ્ચે એક ટ્રેકટરનું વ્હીલ નીકળી જતાં તેઓની રીક્ષા સાથે અથડાતાં તેઓની રીક્ષામાં બેસેલા ઘણાં માણસોને ઈજા થયેલી જેમાં જીજ્ઞાબેન રમેશભાઈ વાજા નાઓનું મરણ નિપજેલું. ટ્રેકટરનાં ડ્રાઈવર કોણ હતાં તેનાં નંબર શું હતાં તેની તેઓને ખબર નથી. આ કામે આંક–૨૦ થી રજુ થયેલ અસલ ફરિયાદમાં તેમણે તેમની સહિ ઓળખી બતાવેલ છે. આ સિવાય ફરીયાદ હકિકતને સમર્થનકારક કોઈ હકિકત જણાવેલ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ સદર ફરિયાદીને ફરી ગયેલાં સાહેદ જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતાં અત્રેની કોર્ટ દ્વારા ઉલટતપાસ કરવાની પરવાનગી આપેલ પરંતુ, સદર ફરીયાદી દ્વારા ફરીયાદની હકિકતોને સમર્થનકારક કોઈ હકિકતો જણાવેલ નથી. જયારે, બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ તેઓએ વાંચેલી નહિં અને પોલિસે તેઓને વાંચી સંભળાવેલી નહિં. તેમણે ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહન નંબર લખાવેલ નહિં.

(૯.૩) આ કામે ફરિયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ રમેશભાઈ રામભાઈ વાજા નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, તા.૧૭/૦૨/૨૦૨૨ નાં રોજ તેઓની પત્નિ જીજ્ઞાબેન એક છકડો રીક્ષામાં માળીયા થી ચોરવાડ ખરખરાનાં કામે સ્ત્રી અને પુરૂષોને લઈને જતાં હતાં ત્યારે વિસણવેલનાં પાટીયા નજીક અકસ્માત થતાં તે બાબતેનો ફોન આવતાં તેઓ ચોરવાડ દવાખાને ગયેલા. ડોકટરે તપાસી મરણ જાહેર કરેલાં. ત્યારબાદ અંતિમ વિધી કરેલી. અકસ્માત કરનાર વાહન શું હતું

તેની તેઓને ખબર નથી. પોલિસે તેઓનું નામ ઠામ પુછેલું. આ સિવાય ફરીયાદને સમર્થનકારક કોઈ હકિકત જણાવેલ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતાં અત્રેની કોર્ટ દ્વારા ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ પરંતુ, સદર સાહેદ દ્વારા ફરિયાદની હકિકતોને સમર્થનકારક કોઈ હકિકતો જણાવેલ નથી. જયારે, બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, નિવેદન તેઓએ વાંચેલ નહિં અને પોલિસે તેઓને વાંચી સંભળાવેલી નહિં. તેમણે ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહન નંબર લખાવેલ નહિં.

(૯.૪) આ કામે ફરિયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ રામભાઈ વિરમભાઈ બળેજા, આંક–૨૫ થી કચરાભાઈ કાનાભાઈ બળેજા, આંક–૨૬ થી જયાબેન હિરાભાઈ બળેજા, આંક–૨૭ થી ભાવનાબેન રમેશભાઈ બળેજા, આંક–૨૮ થી લક્ષ્મીબેન દિનેશભાઈ બળેજા નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, તા.૧૭/૦૨/૨૦૨૨ નાં રોજ તેઓ દિનેશભાઈની છકડો રીક્ષામાં માળીયા થી ચોરવાડ ખરખરાનાં કામે સ્ત્રી અને પુરૂષોને લઈને જતાં હતાં તેમાં કુલ–૧૭ જણાં બેસેલ હતાં જેમાં મંજુબેન, જયાબેન, ભાવનાબેન, હંસાબેન, લક્ષ્મીબેન, કચરાભાઈ કાનાભાઈ બળેજા, નાજાભાઈ હમીરભાઈ, રામભાઈ વિરમભાઈ અને જીજ્ઞાબેન હતાં. ત્યારે ચોરવાડ અને ગડુ વચ્ચે વિસણવેલ ગામ પાસે અકસ્માત થતાં તેઓની રીક્ષાને ટકકર મારતાં એક બેલા ભરેલ ટ્રેકટરનું વ્હીલ નીકળી જતાં તેઓની રીક્ષા સાથે અથડાતાં તેઓની રીક્ષામાં બેસેલાં ઘણાં માણસોને ઈજા થયેલી. જેમાં જીજ્ઞાબેન રમેશભાઈ વાજાનું મરણ નિપજેલું. તેઓને અને અન્ય વ્યકિતઓને નાની–મોટી ઈજાઓ થયેલી. આ ટ્રેકટરનાં ડ્રાઈવર કોણ હતાં તેનાં નંબર શું હતાં તેની તેઓને ખબર નથી. આ સિવાય ફરીયાદને સમર્થનકારક કોઈ હકિકત જણાવેલ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ સદર સાહેદોને ફરી ગયેલાં જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતાં અત્રેની કોર્ટ દ્વારા ઉલટતપાસ કરવાની પરવાનગી આપેલ પરંતુ, સદર સાહેદો દ્વારા ફરીયાદની હકિકતોને સમર્થનકારક કોઈ હકિકતો જણાવેલ નથી. જયારે, બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, નિવેદન તેઓએ વાંચેલ નહિં

અને પોલિસે તેઓને વાંચી સંભળાવેલી નહિં. તેઓએ ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહન નંબર લખાવેલ નહિં.

(૯.૫) આ કામે ફરિયાદપક્ષે આંક–૩ર થી સાહેદ મંજુબેન કારાભાઈ બળેજા તથા આંક–૩૩ થી હંસાબેન બચુભાઈ બળેજા નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, તા.૧૭/૦ર/ર૦રર નાં રોજ તેઓ તથા જીજ્ઞાબેન, ભાવનાબેન, લક્ષ્મીબેન, પુરૂષમાં કચરાભાઈ તથા રામભાઈ વિગેરે એક છકડો રીક્ષામાં બેસી માળીયા થી ચોરવાડ ખરખરાનાં કામે સ્ત્રી અને પુરૂષોને લઈને જતાં હતાં ત્યારે વિસણવેલનાં પાટીયા નજીક અકસ્માત થતાં મંજુબેનને કાન ઉપર તથા ડાબા હાથમાં તથા હાંસડી ભાંગી ગયેલ અને તેઓની સોનાની બુટી પણ ખોવાઈ ગયેલી તેમજ હંસાબેન બચુભાઈ બળેજા નાંઓને કેડમાં લાગેલું તેથી તેઓ ચોરવાડ દવાખાને ગયેલાં. આ છકડો રીક્ષા દિનેશભાઈ ચલાવતાં હતાં તે વખતે ટ્રેકટરનું વ્હીલ અચાનક નીકળી જતાં હાલનો બનાવ બનેલો. આ અકસ્માત કરનાર વાહનનાં નંબર શું હતાં અને કોણ ચલાવતું હતું તેની તેઓને ખબર નથી. પોલિસે તેઓનું નિવેદન લિધેલું. આ સિવાય ફરીયાદને સમર્થનકારક કોઈ હકિકત જણાવેલ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ સદર સાહેદોને ફરી ગયેલાં જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતાં અત્રેની કોર્ટ દ્વારા ઉલટતપાસ કરવાની પરવાનગી આપેલ પરંતુ, સદર સાહેદો દ્વારા ફરીયાદની હકિકતોને સમર્થનકારક કોઈ હકિકતો જણાવેલ નથી. જયારે, બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, નિવેદન તેઓએ વાંચેલ નહિં અને પોલિસે તેઓને વાંચી સંભળાવેલ નહિં. તેમણે ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહન નંબર લખાવેલ નહિં.

(૯.૬) આ કામે ફરિયાદપક્ષે આંક–૩પ થી સાહેદ નાજાભાઈ હમીરભાઈ બળેજા, આંક–૩૬ થી પરમીબેન લખમણભાઈ બળેજા, આંક–૩૭ થી દિવ્યાબેન દિનેશભાઈ ચુડાસમા, આંક–૩૮ થી ઉષાબેન સંજયભાઈ વડાલીયા, આંક–૩૯ થી લક્ષ્મીબેન બુધ્ધાભાઈ વાજા, આંક–૪૦ થી કડવીબેન ભીખાભાઈ વાજા અને આંક–૪૧ થી હંસાબેન નાજાભાઈ બળેજા

નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, તા.૧૭/૦૨/૨૦૨૨ નાં રોજ તેઓ દિનેશભાઈની છકડો રીક્ષામાં માળીયા થી ચોરવાડ ખરખરાનાં કામે સ્ત્રી અને પુરૂષોને લઈને જતાં હતાં તેમાં કુલ–૧૭ જણાં બેસેલ હતાં જેમાં મંજુબેન, જયાબેન, ભાવનાબેન, હંસાબેન, લક્ષ્મીબેન, કચરાભાઈ કાનાભાઈ બળેજા, નાજાભાઈ હમીરભાઈ, રામભાઈ વિરમભાઈ અને જીજ્ઞાબેન હતાં. ત્યારે ચોરવાડ અને ગડુ વચ્ચે વિસણવેલ ગામ પાસે અકસ્માત થતાં તેઓની રીક્ષાને ટકકર મારતાં એક બેલા ભરેલ ટ્રેકટરનું વ્હીલ નીકળી જતાં તેઓની રીક્ષા સાથે અથડાતાં તેઓની રીક્ષામાં બેસેલાં ઘણાં માણસોને ઈજા થયેલી. જેમાં જીજ્ઞાબેન રમેશભાઈ વાજાનું મરણ નિપજેલું. નાજાભાઈ હમીરભાઈ નાંઓને મુંઢ માર લાગેલ, પરમીબેન લખમણભાઈ નાંઓને પાંસલામાં લાગેલું, દિવ્યાબેન દિનેશભાઈ, ઉષાબેન સંજયભાઈ, લક્ષ્મીબેન બુધ્ધાભાઈ, કડવીબેન ભીખાભાઈ, હંસાબેન નાજાભાઈ નાંઓને નાની–મોટી ઈજા થયેલ. આ ટ્રેકટરનાં ડ્રાઈવર કોણ હતાં તેનાં નંબર શું હતાં તેની તેઓને ખબર નથી. પોલિસે તેઓનાં નિવેદન લિધેલાં. આ સિવાય ફરીયાદને સમર્થનકારક કોઈ હકિકતો જણાવેલ ન હોવાથી વિદ્ધાન એ.પી.પી.શ્રીએ સદર સાહેદોને ફરી ગયેલાં જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતાં અત્રેની કોર્ટ દ્ધારા ઉલટતપાસ કરવાની પરવાનગી આપેલ પરંતુ, સદર સાહેદો દ્ધારા ફરીયાદની હકિકતોને સમર્થનકારક કોઈ હકિકતો જણાવેલ નથી. જયારે, બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, નિવેદન તેઓએ વાંચેલ નહિં અને પોલિસે તેઓને વાંચી સંભળાવેલ નહિં. તેઓએ ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહન નંબર લખાવેલ નહિં.

**(૯.૭)** આ કામે ફરિયાદપક્ષે આંક–૪૨ થી સાહેદ જોધાભાઈ જેઠાભાઈ ગાવળીયા તથા આંક–૪૩ થી અશોકભાઈ માલાભાઈ જેઠવા નાંઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં એવી હકિકતો જણાવેલ છે કે, તા.૧૭/૦૨/૨૦૨૨ નાં રોજ તેઓ ટ્રેકટરની ટ્રોલીમાં પથ્થર ભરીને આવતાં હતાં ત્યારે વિસણવેલ ગામ પાસે તેઓનાં ટ્રેકટરનું વ્હીલ નીકળી જતાં એક છકડો રીક્ષામાં ઘણાં માણસો હતાં

તેની સાથે ભટકાઈ ગયેલ અને રીક્ષામાં બેઠેલ કુલ–૧૮ જણાંને ઈજા થયેલ અને એક બેન મરણ ગયેલ. જોધાભાઈ જેઠાભાઈ ગાવળીયા અને અશોકભાઈ માલાભાઈ જેઠવા તેઓ બંને ટ્રેકટરમાં સાથે હાજર હતાં. આ ટ્રેકટરનાં ડ્રાઈવર કોણ હતાં, તેનાં નંબર શું હતાં તેની તેઓને ખબર નથી. પોલિસે તેઓનું નિવેદન લિધેલું. આ સિવાય ફરીયાદને સમર્થનકારક કોઈ હકિકત જણાવેલ ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ સદર સાહેદોને ફરી ગયેલાં જાહેર કરીને ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતાં અત્રેની કોર્ટ દ્વારા ઉલટતપાસ કરવાની પરવાનગી આપેલ પરંતુ, સદર સાહેદો દ્વારા ફરીયાદની હકિકતોને સમર્થનકારક કોઈ હકિકતો જણાવેલ નથી. જયારે, બચાવપક્ષ તરફેથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, નિવેદન તેઓએ વાંચેલ નહિં અને પોલિસે તેઓને વાંચી સંભળાવેલી નહિં. તેમણે ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહન નંબર લખાવેલ નહિં.

(૧૦) ઉપરાંત બચાવપક્ષની સંમતિથી ગુજરનાર જીજ્ઞાબેન રમેશભાઈ વાજાનાં ઈન્કવેસ્ટ પંચનામાની ખરી નકલ આંક–૪૪, બનાવવાળી જગ્યાનાં પંચનામાની ખરી નકલ આંક–૪૫, મરણ જનાર જીજ્ઞાબેન રમેશભાઈ વાજા નાંઓનાં પી. એમ. રિપોર્ટની ખરી નકલ આંક–૪૬, એફ.એસ.એલ. રિપોર્ટની ખરી નકલ આંક–૪૭, આર.ટી.ઓ. જૂનાગઢ દ્વારા અપાયેલ વાહન રજીસ્ટર્ડ નંબર જીજે–૩૨–બી–૦૪૯૮ નાં એકસીડેન્ટ રિપોર્ટની ખરી નકલ આંક–૪૮ તથા વાહન રજીસ્ટર્ડ નંબર જીજે–૧૧–ઝેડ–૮૯૩૩ નાં એકસીડેન્ટ રિપોર્ટની ખરી નકલ આંક–૪૯, પૃથ્થકરણ માટે મુદ્દામાલ મળ્યા અંગેની એફ.એસ.એલ. જૂનાગઢ વિભાગની પહોંચની ખરી નકલ આંક–૫૦ તેમજ સી.એચ.સી. ચોરવાડ દ્વારા આપવામાં આવેલ સારવાર સર્ટીફીકેટો અનુક્રમે લક્ષ્મીબેન દિનેશભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૧, હંસાબેન બચુભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૨, હંસાબેન નાજાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૩, લક્ષ્મીબેન બુધાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૪, ભાવનાબેન રમેશભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૫, ઉષાબેન સંજયભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૬,

જયાબેન હિરાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૭, દિવ્યાબેન દિનેશભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૮, દિનેશભાઈ મેણસીભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૫૯, રામભાઈ વિરમભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૦, મંજુબેન કારાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૧, જોધાભાઈ જેઠાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૨, અશોકભાઈ માલાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૩, કચરાભાઈ કાનાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૪, નાજાભાઈ હમીરભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૫, પરમીબેન લખમણભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૬, કડવીબેન ભીખાભાઈનું સી.એચ.સી. ચોરવાડનું ઈજા સર્ટીફિકેટ આંક–૬૭ થી રજુ રાખેલ છે. પરંતુ, સદર દસ્તાવેજી પુરાવો સમર્થનકારક પુરાવો હોય તેને ફરિયાદપક્ષનાં મહત્વનાં પુરાવાઓની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે. જયારે ફરિયાદપક્ષનાં મહત્વનાં પુરાવાઓથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતુ ન હોય, ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહિં.

(૧૧) આ કામે ફરિયાદપક્ષ તરફે સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લેવામાં આવે અને મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદપક્ષ તરફે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. સદર ફરિયાદીએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ ન હોય અને આંક–૨૦ ની ફરિયાદની હકિકતથી વિરોધાભાષી હકિકત સોગંદ ઉપર જણાવેલ છે. તેમજ ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં ફરિયાદી તેમની છકડો રીક્ષા લઈને માળીયા હાટીના થી ચોરવાડ ખરખરાનાં કામે સ્ત્રી અને પુરૂષોને લઈને જતાં હતાં ત્યારે ચોરવાડ અને ગડુ વચ્ચે ટ્રેકટરનું વ્હીલ નીકળી જતાં તેમની રીક્ષા સાથે અથડાતા રીક્ષામાં બેસેલ ઘણાં માણસોને ઈજા થયેલી અને તેમાં જીજ્ઞાબેન રમેશભાઈ વાજા મરણ ગયેલ તેવી હકિકત ફલીત થાય છે પરંતુ, તે સિવાય ફરિયાદપક્ષને સમર્થનકારક કોઈ હકિકત ફલીત થતી નથી

અને ત્યારબાદ બચાવપક્ષે ફરિયાદીની ઉલટ તપાસ જોતાં ફરિયાદીએ ફરીયાદ વાંચેલી નહિં કે પોલિસે વાંચી સંભળાવેલ નહિં અને ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહનનાં નંબર લખાવેલ નહિં તેવી હકિકત સ્વીકારેલ છે તે સિવાય અન્ય ચોકકસ હકિકત નકારી કાઢેલ છે. વધુમાં આ કામે સાહેદોને તપાસવામાં આવેલ છે. સદર સાહેદોએ પણ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન આપેલ ન હોય અને પોતાનાં નિવેદનોની હકિકતથી વિરોધાભાષી હકિકત સોગંદ ઉપર જણાવેલ છે. તેમજ તેઓનાં ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓ ફરિયાદીની છકડો રીક્ષા લઈને માળીયા હાટીના થી ચોરવાડ ખરખરાનાં કામે સ્ત્રી અને પુરૂષોને લઈને જતાં હતાં ત્યારે ચોરવાડ અને ગડુ વચ્ચે ટ્રેકટરનું વ્હીલ નીકળી જતાં તેમની રીક્ષા સાથે અથડાતા રીક્ષામાં બેસેલ ઘણાં માણસોને ઈજા થયેલી અને તેમાં જીજ્ઞાબેન રમેશભાઈ વાજા મરણ ગયેલ તેવી હકિકત ફલીત થાય છે પરંતુ, તે સિવાય ફરિયાદપક્ષને સમર્થનકારક કોઈ હકિકત ફલીત થતી નથી અને ત્યારબાદ બચાવપક્ષે સાહેદોની ઉલટ તપાસ જોતાં સાહેદોએ નિવેદન વાંચેલ નહિં કે પોલિસે વાંચી સંભળાવેલ નહિં અને ટ્રેકટર ચાલકને જોયેલ નહિં કે વાહનનાં નંબર લખાવેલ નહિં તેવી હકિકત સ્વીકારેલ છે તે સિવાય અન્ય ચોકકસ હકિકતો નકારી કાઢેલ છે. જેથી ફરિયાદપક્ષનો રેકર્ડ થયેલ પુરાવો ફરિયાદને લેશમાત્ર મદદરૂપ થતો નથી અને ફરિયાદપક્ષ તરફે ફરિયાદી તથા સાહેદો વાહન ચાલક અને વાહન અંગેની કોઈ જ હકિકત જણાવતાં નથી તેમજ આરોપીને ઓળખી બતાવેલ નથી કે આરોપીની બનાવ સમયે ઝડપ બેદરકારીભર્યા ડ્રાઈવિંગ તથા નિષ્કાળજી બાબતે કોઈ જ પુરાવો રજુ કરેલો નથી તેમજ પુરાવો જોતાં બનાવ સમયે વાહન ચાલકની બેદરકારી હોવાની હકિકત સ્પષ્ટપણે પુરવાર થતી નથી, આંક–૨૦ ની ફરિયાદ અનુસાર આરોપીની પુરઝડપભર્યા ડ્રાઈવિંગ અને ગફલતભરી રીતે અને બેદરકારી ભર્યુ ડ્રાઈવિંગ કરીને અકસ્માત કરેલ હોય તેવુ ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, સદર સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરૂઘ્ધનો ગુનો સાબિત થયાનું માની શકાય નહિં.

**(૧૨)** તેમજ જો એમ માની લેવામાં આવે કે, આરોપી દ્રારા તેઓનું વાહન પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે માનવીની જીદગી જોખમાય તે રીતે ચલાવવામાં આવેલ છે.

ત્યારે આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ જોતાં,

***I. P. C. Section-279. Rash driving or riding on a public way.***

*Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.*

**(૧૨.૧)** સદરહુ કલમનાં તત્વો જોતાં તેમાં જણાવ્યા મુજબ પુરઝડપે અથવા ગફલતભરી રીતે તેમજ બેદરકારીપુર્વક ડ્રાઈવિંગ કરવામાં આવે તો તે આ કલમ મુજબ સજાને પાત્ર બનશે.

**(૧૨.૨)** આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતનું જજમેન્ટ જોતાં **ધી સ્ટેટ ઓફ કર્ણાટક વિ. સતિષ (૧૯૯૮) એસ.સી.સી.૪૯૩** માં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા–૪ માં જણાવેલ છે કે, *"4. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur".*

**(૧૨.૩)** ઉપરોકત જજમેન્ટમાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે, માત્ર પુરઝડપનાં આધારે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ માટે તકસીરવાન ઠરાવી શકાય

નહિ. ફરિયાદી હાથ ઉપરનાં કેસમાં આરોપીની બેદરકારીથી બનાવ બનેલ હોય તેવું જણાવતાં નથી. આ કામનાં ફરિયાદી તથા સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ડ્રાઈવર પુરઝડપે અને ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કરતાં હોય તેવી કોઈ હકિકત રેકર્ડ ઉપર જણાવેલ નથી કે સાબિત કરી શકેલ ન હોય આમ, જયારે ફરિયાદપક્ષની હકિકતને ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતુ નથી ત્યારે ફરિયાદપક્ષનો પુરાવો જોતાં સદર બનાવ આરોપી દ્વારા જ બનેલ છે કે કેમ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. જે શંકાનો લાભ ચોકકસપણે આરોપી પક્ષને મળવાપાત્ર છે. વધુમાં આ તબકકે ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી સાબિત કરવાનો રહે છે અને ફરિયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળવાપાત્ર રહે છે. આ કામે ફરિયાદપક્ષે આંક–૬૮ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી તેઓને કોઈ વિશેષ પુરાવો આપવો નથી તેવું જાહેર કરેલ છે. આમ, ફરિયાદપક્ષે કોઈ સમર્થનકારી પુરાવા તરીકે કોઈ વિશેષ પુરાવો રજુ કરેલ નથી.

**(૧૨.૪)** વધુમાં, ૧૯૯૬ એસ.સી.સી. (ક્રિમી.) પાના નં.૧૧૦૪ ઉપર પ્રસિધ્ધ થયેલ સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો ફરિયાદપક્ષનાં કેસને સમર્થન આપતાં ન હોય ત્યારે બાકિનાં સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :– When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

**(૧૩)** આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આરોપીને ગુનાનાં કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. જે બાબત ધ્યાને લેતાં, આરોપીએ ગઈ તા.૧૭/૦૨/૨૦૨૨ નાં કલાક ૧૧–૧૫ વાગ્યાનાં અરસામાં

ચોરવાડ થી ગડુ ગામ તરફ જતાં નેશનલ હાઈવે રોડ ઉપર વિસણવેલ ગામનાં પાટીયાની નજીક આ કામનાં ફરિયાદી પોતાની છકડો રીક્ષા નં. જીજે–૧૧–ઝેડ–૮૯૩૩ વાળું ટ્રેક્ટરની સાઈડ કાપવા જતાં આરોપીનાં હવાલાનું ટ્રેકટર રજીસ્ટર્ડ નં. જીજે–૩૨–બી–૦૪૯૮ તથા ટ્રોલી રજીસ્ટર્ડ નં.જીજે–૩૨–ટી–૦૭૦૪ વાળું પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કાવો મારતાં ટ્રેકટરનું મોટું વ્હીલ નીકળી જઈ ફરિયાદીની છકડો રીક્ષાને ઠોકર મારતાં રીક્ષાને પછાડી દેતાં રીક્ષામાં બેઠેલ ફરિયાદી સહિત સાહેદો કુલ–૧૫ માણસોને શરીરે નાની–મોટી ઈજાઓ કરી તથા રીક્ષામાં બેઠેલ સાહેદ જીજ્ઞાબેન રમેશભાઈ વાજા, ઉ.વ.૩૫, રહે. માળીયા હાટીના વાળાને ગંભીર ઈજાઓ થતાં તેણીનું મોત નિપજાવી તેમજ આરોપીનાં ટ્રેકટરમાં બેઠેલ સાહેદ નં–૨૧ તથા સાહેદ નં–૨૨ નાઓને નાની–મોટી ઈજાઓ કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કર્યાનો જે આક્ષેપ ફરિયાદપક્ષે કરેલ છે, તે હકિકત પુરવાર થતી નથી. આમ, ઉપરોકત હકિકત જોતાં આરોપી સામેનો આક્ષેપ ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી મુદ્દા નં–૧ નો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં–૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ♦ આ ખ રી હુ ક મ ♦

- આ કામનાં આરોપી કાનાભાઈ રામભાઈ કામળીયા, રહે. સુત્રાપાડા, તાલુકા–સુત્રાપાડા, જિલ્લો–ગીર સોમનાથ વાળાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫ સાથે વંચાણે લેતાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનાં તહોમતમાંથી મુકત કરી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

- આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપતાં છ–માસના સમય માટે રૂા.૨,૫૦૦/– ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–**૩૦** મી, માહે–**જુલાઈ**, સને–**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી, જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ : ૩૦/૦૭/૨૦૨૬<br>સ્થળ : માળીયા હાટીના. | **( બી. વી. ગોહિલ )**<br>જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,<br>માળીયા હાટીના (જિ.જૂનાગઢ)<br>**( Judge Code - GJ-01456 )** |